શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

## અવલોકન ગ્રંથમાળા

છાણાં થાપી આવ્યાં
ઓતરાતી દીવાલો ભાગ-૧
ઓતરાતી દીવાલો ભાગ-૨
ગામમાં
મામાની જાળ્ય
વાડામાં
ધોબીડો ધુવે છે
ગામડામાં મળજો

•


આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

•

રમ્યકથા ગ્રંથમાળા
ગાતી ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
કથાનાટ્ય ગ્રંથમાળા
ચાલો પ્રવાસે ગ્રંથમાળા
પશુપક્ષી ગ્રંથમાળા
જીવનપરિચય ગ્રંથમાળા
હાસ્યવિનોદ ગ્રંથમાળા
પાઠપોથી ગ્રંથમાળા

**આર. આર. શેઠની કંપની**
મુંબઈ-૨ * અમદાવાદ-૧

ટાઈટલ : ન્યૂ સિટી પ્રેસ, અમદાવાદ.



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

# અવલોકન ગ્રંથમાળા

## છાણાં થાપી આવ્યાં



પાદકો : ગિજુભાઈ
અને તારાબેન



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

અવલોકન ગ્રંથમાળા

●

# છાણાં થાપી આવ્યાં

: લેખિકા :

તારાબેન

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૪૦૦૦૦૨ * અમદાવાદ-૩૮૦૦૦૧

©
પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
ઓક્ટોબર ૧૯૭૬
પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂ. ૧૦-૭૦
[ આઠ પુસ્તિકા ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( જિ. ભાવનગર )

# છાણાં થાપી આવ્યાં

મનોરમા ઉનાળાની રજામાં પોતાની ફઈને ત્યાં ગયેલી. ફઈની બે દીકરીઓ સાથે રમવા-ભમવાની તેને ખૂબ મજા પડતી.

એક વાર મનોરમા, સુશીલા અને પ્રભા જમનાબેન પાસે આવ્યાં.

મનોરમા કહે: "ફઈબા!"

જમનાબેન કહે: "કેમ? આજે હવે શું કરવું છે? હમણાં તો રોજ નવીનવી રમતો ચાલે છે."

મનોરમા કહે: "આજે અમારે ફરવા જવાનું મન છે."

જમનાબેન કહે: "પણ એમાં નવું શું છે? ચાલો, હું તૈયાર જ છું."

સુશીલા કહે: "ના; આજે તો અમારે અમારી મેળે જવાનું મન છે; અમે ત્રણ જણાં એકલાં."

જમનાબેને હસીને કહ્યું: "ત્રણ જણાંને

વળી એકલાં? પણ એકલાં શા માટે? મનુ! ફઈબાથી કંટાળી લાગે છે! મારી સાથે મજા નથી પડતી, કેમ?"

મનુ કહે: "ના ફઈબા! એમ નહિ. પણ અમારી શાળામાં અમારાં બહેન ઘણી વાર મોટી છોકરીઓને એકલી ફરવા મોકલે છે; કોઈ મોટાની સાથે નહિ. આજે અમને એમ કરવાનું મન થયું છે."

જમનાબેન કહે: "એમ? ત્યારે એકલાં ઊપડો. પણ જશો ક્યાં? કઈ બાજુએ જવાનાં છો તે કહેતાં જાઓ."

સુશીલા કહે: "જુઓ, આમ પેલા ઝૂંપડા પાસેથી નીકળીને પેલી દ્રાક્ષની વાડીમાં જશું; ને પછી આ બાજુથી આવતાં રહીશું."

જમનાબેન કહે: "ઓહો; જવાનું ઘણું દૂર રાખ્યું છે! વારુ, બહુ મોડું નહિ કરતાં; પછી તડકો તપશે."

પ્રભા કહે: "બા બા! હું મારા ગલુને સાથે લઈ જાઉં? એ દડતો દડતો ચાલ્યો આવશે. થાકશે તો અમે ઉપાડી લેશું. મને એ બહુ ગમે છે."

જમનાબેન કહે: "આજે તો તમે તમારે



એકલા જઈ આવો. ગલુની પાછળ બીજાં કૂતરાં પડશે ને એને કનડશે."

સુશીલા ને મનુ કહે: "રહેવા દે એને પ્રભા!"

પ્રભા કહે: "ઠીક ત્યારે, ચાલો."

ત્રણે ઊપડ્યાં. જરા દૂર ગયાં ત્યાં બે રસ્તા આવ્યા. વાડીનો રસ્તો કયો તે કોઈને સૂઝે નહિ. પ્રભા કહે આ રસ્તો ને સુશીલા કહે આ.

મનોરમા કહે: "તમે રોજ વાડીએ જાઓ છો તોય રસ્તાની ખબર કેમ નથી?"

પ્રભા કહે: "એ તો બાની સાથે જઈએ એટલે ધ્યાન ન રહ્યું. પણ ખરેખર, મને તો આ જ રસ્તો સાચો લાગે છે."

સુશીલા કહે: "હવે, રાખ રાખ! આપણે રોજ પેલી ઝૂંપડી આગળથી નથી નીકળતાં? ઝૂંપડી તો આ રહી. મનુ! ચાલ, આ જ રસ્તો બરાબર છે."

ઝૂંપડી પાસેથી નીકળ્યાં એટલે અંદર ડોકાવાનું મન થયું. પહેલાં તો વાડ ઉપરથી ડોકાયાં. અંદર કોઈ જણાયું નહિ ને ઝાંપો ઉઘાડો જોયો. સૌ અંદર પેઠાં ને આમતેમ

ફરવા લાગ્યાં. પાછળની બાજુએ ગાય ને વાછડી બાંધી હતી ત્યાં આવ્યાં. સુશીલા તો દોડીને વાછડીને પંપાળવા લાગી. ત્યાં તો ગાય શીંગડું મારવા આવી એટલે ત્રણે ભાગ્યાં. ફરી બારણાં આગળ આવ્યાં ત્યાં એક મોટી ઘંટી પડી હતી. ત્રણે મળીને ફેરવવા લાગ્યાં, પણ પડ જરા યે હલે તો કે?

મનોરમા કહે: "એ રહેવા દો, રહેવા દો; ઝૂંપડીવાળો આવશે તો વઢશે!"

સુશીલા કહે: "વઢે શું કામ? આપણે એનું કાંઈ બગાડીએ છીએ?"

મનોરમા કહે: "પણ કાંઈ રજા વગર કોઈના ઘરમાં જવાય?"

પ્રભા કહે: "આપણે ક્યાં એના ઘરમાં ગયાં છીએ? આપણે તો અહીં બહાર જ છીએ ને?"

સુશીલા કહે: "ચાલો ને આપણે આ વાડાને જ પૂછીએ? વાડા રે ભાઈ, વાડા! આંટા ખાઈએ બેચાર?"

પ્રભા ઝીણે સાદે બોલી: "ખાવ ને ભાઈ દસબાર!"

બધાં હસી પડ્યાં.



મનોરમા કહે: "ને માલિક આવીને કહેશે: 'સોટી રે બાઈ સોટી! ફટકારું બેચાર?' તો? પણ ખરેખર કહું છું હો, અહીંની બાઈ જો વઢકણી હશે તો ધોકો લઈને જ દોડશે, હો!"

પ્રભા કહે: "ને અમને દોડતાં નહિ આવડતું હોય, કેમ? ધોકો લઈને નીકળશે ત્યાં તો હરણિયાંની જેમ ઠેકડા મારીને નાસી જઈશું. પછી કાંઈ મારશે?"

સુશીલા કહે: "અરે, અહીં તો આવો! આપણે અહીં મજા કરીએ."

પ્રભા-મનોરમા કહે: "શું છે? શું છે?"

સુશીલા કહે: "અહીં કેટલું બધું છાણ પડ્યું છે!"

મનોરમા કહે: "એ તો છાણાં થાપવા માટે હશે."

પ્રભા કહે: "જુઓ તો પણે કેટલાં બધાં છાણાં થાપ્યાં છે તે!"

સુશીલા કહે: "આપણે થોડાં છાણાં થાપશું?"

પ્રભા કહે: "હા હા; આપણે છાણાં થાપીએ."

મનોરમા કહે: "પણ મને નથી આવડતાં."

સુશીલા કહે: "લે! એમાં શું આવડવું'તું? એમાં ક્યાં પાતળી રોટલી વણવી'તી? એ તો આમ આમ થાપી દઈએ."

પ્રભા કહે: "પણ જુઓ ને, એમનાં છાણાં કેટલાં મોટાં છે!"

સુશીલા કહે: "હવે આવડે એવાં થાપી નાખો ને? નાનાં પણ બળે તો ખરાં જ ને? મોટાંના તો કટકા કરવા પડે. આ તો આમ ને આમ ચૂલામાં નખાય."

છાણાં થાપતાં કેટલો વખત ગયો એનું કોઈને ભાન ન રહ્યું. સૂરજ તપતો હતો. પેટમાં ભૂખ લાગી હતી. મોઢાં રાતાંચોળ થઈ ગયેલાં. ત્યાં તો આઘેથી બૂમ સંભળાઈ: "એ....ઈ કોણ છે? અંદર શું કરો છો? નીકળો બહાર!"

ઝડપ કરતાં ઊઠ્યાં ને જુએ છે તો એક સોળ સત્તર વર્ષનો છોકરો હાથમાં ડાંગ રાખીને આવતો હતો.

ત્યાં તો ત્રણે જણાં ત્યાંથી ભાગ્યાં. ભાગ્યાં, ભાગ્યાં, તે સાવ ઘર દેખાવા લાગ્યું ત્યારે શ્વાસ

આઘે=દૂર



લેવા ઊભાં રહ્યાં!

સુશીલા કહે: "શું કરવું? છાણવાળા હાથે ઘેર જઈશું?"

પ્રભા કહે: "હા, હા; પેલો આવશે તો મારશે."

સુશીલા કહે: "હવે માર્યા! એના વાડામાં હોત તો મારત. અહીં આવીને કાંઈ મારે? ચાલો આપણે કૂવે જઈને હાથ ધોઈ લઈએ."

પ્રભા કહે: "પણ બાએ કૂવે જવાની તો ના પાડી છે, ખબર છે ને? ચાલો, એમ ને એમ! બાને બધી વાત કરશું એટલે થયું."

સુશીલા કહે: "ના ના; એમ છાણવાળા હાથે કોણ જતું'તું? આપણે આ ધોરિયાને પાણીએ હાથ ધોઈશું. બાએ તો અંદર ડોકાવાની ના પાડી છે; કૂવાની પાસે જઈએ એમાં કાંઈ થોડું પડી જવાય છે?"

મનોરમા કહે: "એ ખરું હો; ચાલો ત્યારે ધોરિયે હાથ ધોઈ લઈએ."

બધાં હાથ ધોઈ ઘેર પહોંચ્યાં. મોઢાં ઉપર સાહસ કરી આવ્યાનો આનંદ ઝળકતો હતો. તડકાથી મોઢાં લાલચોળ થઈ ગયેલાં હતાં. બીકથી

હજી થોડી થોડી છાતી થડકતી હતી, છતાં એકલાં જઈ આવ્યાનો હરખ અને રોફ ઢાંક્યો રહેતો ન હતો.

બા કહે: "કાં? એકલાં ફરી આવ્યાં કે? વાઘબાઘ મારી આવ્યા કે?"

સુશીલા કહે: "લ્યો! વાઘ તો ક્યાંથી મારીએ? પણ મજા તો ખૂબ કરી આવ્યાં."

પ્રભા કહે: "બા! કહું અમે ક્યાં ગયાં હતાં? આઘે આઘે ઝૂંપડી છે ને, ત્યાં અમે તો વાડાની અંદર ગયાં; ઘંટી ફેરવી; વાછડાને પંપાળ્યું; ને કહું?"

સુશીલા કહે: "કહી દે ને. એમાં શું? બા! અમે છાણાં થાપી આવ્યાં. કેમ બા! કાંઈ છાણાં ન થપાય?"

મનોરમા કહે: "પણ પછીનું?"

પ્રભા કહે: "બા! ત્યાં તો કોઈ મોટી ડાંગ લઈને આવ્યું ને કહે, 'નીકળો બહાર!' અમે તો ભાગ્યાં. એવાં દોડ્યાં, એવાં દોડ્યાં, કે પેલો તો રહી ગયો ક્યાંનો ક્યાંઈ!"

જમનાબેન કહે: "પણ છાણવાળા હાથ ધોયા'તા કે એમ ને એમ ભાગ્યાં?"



સુશીલા કહે: "એમ ને એમ."

જમનાબેન કહે: "પછી ધોયા ક્યાં?"

પ્રભા કહે: "બા! પણ અમે તો હાથ જ ધોયા, હો! કૂવામાં ડોકાયાં નહોતાં."

જમનાબેન કહે: "ત્યારે તો તમે સાચે જ મોટું કામ કરી આવ્યાં. પણ કઈ ઝૂંપડીએ ગયાં હતાં એ તો કહો?"

"આ પેલી દૂર દેખાય છે તે."

"અરે, એ તો આપણા માધાની! એની વહુ અહીં શાક દેવા આવી ત્યાં તો તમે ત્યાં પહોંચ્યાં! અલી દેવુ! આજ તો છોકરીઓએ તારાં છાણાં થાપી આપ્યાં!"

"કોણે, પરભાબેને? ને સુશીલાબેને? શું કામ બાપા! એવું ગોબરું કામ અમારું; તમ જેવાનું ઈ કામ નંઈ, બાપા!"

સુશીલા કહે: "અમને છાણા થાપવાં બહુ ગમે છે. અમે તો કાલે ય આવશું ને છાણાં થાપશું. પણ તારી ઘંટી તો જરા યે ન ચાલી."

જમનાબેન કહે: "જો દેવુ! કાલે જરા

ગોબરું=ગંદું

બાજરો બહાર મૂકતી આવજે. ભેગાભેગું તારું દળણું યે થઈ જશે!"

બધાં હસી પડ્યાં.

મનોરમા કહે: "ફઈબા! કાલે વળી અમે આજથી યે આઘે જવાના."

☆

# આંબલી ઉપર

રોજ બપોર થાય એટલે બાબીને ને સુશીલાને ઘરમાં ગમે નહિ.

ગરમી વખતે હું જરા આરામ લેતી હોઉં ત્યાં બાજુમાં બંનેનું ઘુસપુસ ચાલે, ને આખરે કાંઈક નક્કી કરી રજા લેવા આવે.

એક દિવસે બંને આવ્યાં: "તારાબેન! અમે ઝાડ ઉપર ચઢવા જઈએ?"

મેં કહ્યું: "પેલા સામેના વડ ઉપર રોજ જાઓ છો ત્યાં જાઓ; એકલાં એકલાં બહુ દૂર નહિ જતાં."

સુશીલા કહે: "જરાક જ આગળ જવા દો ને?"

"કેમ, ત્યાં શું છે?"

બાબી કહે: "કાંઈક છે. અમારી ગમ્મત જરાક જ આગળ છે."

"પણ શું છે તે કહ્યા વગર હા કે ના ન કહી શકું."

બાબી કહે : "છે ને, ત્યાં આંબલી ઉપર ખૂબ મોટા મોટા કાતરા છે. અમે લઈ આવશું ને ચટણી કરશું."

"તે આંબલી ઉપર ચડતાં આવડે છે ?"

"હા હા; સાવ સહેલું છે ને કાતરા તો નીચે જ છે; બહુ ઊંચે નથી."

"જાઓ ત્યારે; ને વહેલાં આવજો. જોજો, રસ્તા ઉપર દોડાદોડ ન કરતાં. રસ્તાની એક બાજુથી જ જજો."

* * *

એકાદ કલાક થયો તો યે છોકરીઓનો પત્તો નહિ. વિઠ્ઠલને તેમને શોધવા મોકલ્યો. ત્યાં તો હાંફતી હાંફતી બંને આવી; હાંફતી હતી ને હસતી હતી.

"કેટલી વાર લગાડી? વિઠ્ઠલ મળ્યો ?"

"હા, અહીં ફાટક પાસે જ મળ્યો." એમ કહીને ફરીથી હસવા લાગી.

"શું થયું ? હસો છો કેમ ?"

બાબી કહે: "આઈ! એવી તો મજા થઈ!

---

ફાટક=દરવાજો આઈ=મા ( મરાઠીમાં )



પણ તું વઢે નહિ તો કહું."

"મજા થઈ ને ? તો વઢું શું કામ ?"

"એટલે અમને મજા લાગી. પણ તું તો કહીશ કે શું કામ એટલે ઊંચે ચડ્યાં ? જો, આંબલી ઉપર અમે ચડ્યાં ને નીચેના કાતરા લીધાં. પણ તે તો સાવ નાના હતા. અમને નીચેથી જે મોટા દેખાતા હતા તે તો ઉપર જ રહ્યા. એટલે સુશીલાબેન કહે:'લે, હું ઉપર ચડું ને લઈ લઉં.' મને થયું:'લાવ ને હું પણ ચડું ?' એટલે અમે બેઉ ઉપર ચડી ગયાં. બે મોટા કાતરા લીધા. ને હજી ઉપર મોટા બે હતા. અમે ઉપર ચડ્યાં. કાતરા નીચે નાખી દીધા ને ઊતરવા લાગ્યાં, પણ મારાથી ઊતરાય નહિ. ક્યાંઈ પગ મૂકવા જેવી બરાબર જગ્યા જ ન મળે. સુશીલાબેન તો કહે 'હું ધૂબકો ખાઈ શકું છું. અમારે છાપરેથી હું ઘણી વાર ધૂબકો ખાઉં છું.' પણ મારું તો મન ન ચાલ્યું. મેં કહ્યું: 'પણ હું નથી ખાઈ શકતી. સુશીલાબેન! તમે જતાં નહિ; નહિ તો હું એકલી રહીશ.'"

સુશીલાબેન કહે: "બાબીએ એમ કહ્યું એટલે અમે આંબલી ઉપર બેસી રહ્યાં. અમે

તો ગાતાં બેઠાં. પહેલાં તો ઉપર બેસી રહેવાની મજા પડી. પણ ઝાઝી વાર થઈ ત્યારે લાગ્યું કે હવે શું કરવું? ત્યાં નીચેથી બે માણસો જતા હતા. અમે કહ્યું: 'અમને નીચે ઉતારશો ને?' તેઓ તો 'ઉપર શું કામ ચડ્યાં?' કહીને ચાલ્યા ગયા. મોટરો તો ઘણી નીકળી, પણ તે કાંઈ અમારી સામે જુએ? પછી એક ગાડાવાળો નીકળ્યો. અમે વિચાર કર્યો: 'એના ગાડામાં ધૂબકા ખાઈએ.' પણ ગાડું જરા દૂરથી જતું હતું. અમે એને બોલાવ્યો: 'એ ગાડા-વાળા! અમારે નીચે ઊતરવું છે. તારું ગાડું અહીં લાવીશ?' એણે અમને ઓળખ્યાં લાગે છે, કેમકે તે પૂછતો હતો: 'આ રામ-બાગમાં રહો છો ને?' અમે કહ્યું: 'હા. પછી એણે ગાડું ઝાડ નીચે આણ્યું ને કહે: 'ઊભાં રહો, ઉતારું.' પણ અમે તો ઝડપ ગાડામાં ભુસકો માર્યો ને બળદ લાગ્યા ચાલવા. ઠીક થયું કે બાબીએ એકદમ ધૂબકો ન ખાધો."

બાબી કહે: "મને તો ધૂબકો ખાવાની જરા બીક લાગતી હતી. પછી પેલા ગાડા-વાળાએ હાથ ઊંચો કર્યો ને મને પકડી, ને હું



નીચે ઊતરી. ને અમે બંને દોટ કાઢીને અહીં આવ્યાં."

"ને વિઠ્ઠલ ક્યાં?"

"એને તો અમે કાતરા લેવા મોકલ્યો છે. અમે ત્યાંથી જે ભાગ્યાં તે કાતરા નીચે નાખ્યા હતા તે લેવા જ ભૂલી ગયેલાં!"

"એ તો ઠીક; પણ પેલો ગાડાવાળો ન આવ્યો હોત તો શું કરત?"

બાબી કહે: "લે, અમને તો ત્યાં ઉપર મજા પડતી હતી. ને અમે તો જાણતાં હતાં કે તું કોઈને મોકલીશ."

સુશીલા કહે: "પણ અહીંથી કોઈ આવે તે પહેલાં અમારે ઊતરીને આવવું હતું, એટલે અમે ગાડાવાળાને બોલાવ્યો."

મેં કહ્યું: "એ તો ઠીક, પણ હવે પાસે કોઈ મોટું હોય ત્યારે જ બહુ ઊંચે ચડવું. પછી ઊતરવાનો વાંધો નહિ. હવેથી બપોરે તમારે આ આપણા વડથી દૂર નથી જવાનું, સમજ્યા?"

બાબી-સુશીલા કહે: "એ તો અમે ત્યાં જ નક્કી કર્યું હતું. પણ હવે ચટણી વાટીએ?"

"જાઓ, વાટો."

## અમારો વિઠ્ઠલ

કોઈ કહે છે વિઠ્ઠલ મૂર્ખો હતો.

કોઈ કહે છે વિઠ્ઠલ આળસુ હતો.

કોઈ કાંઈ કહે છે, ને કોઈ કાંઈ કહે છે. હું તો એટલું જાણું કે વિઠ્ઠલ અમારી નાની મંડળીને ખૂબ હસાવતો ને ગમ્મત કરાવતો

અમારો વિઠ્ઠલ એક રીતે તો પંઢરીના વિઠ્ઠલ ભગવાન જેવો જ. એકબે વાર બોલાવ્યે ઝટ દર્શન ન દે, તે આપણે એકાદ વાર કહીએ 'વિઠ્ઠલ!' ત્યાં આવીને થોડો જ ઊભો રહે?

બચુભાઈ તે જાણી ગયેલા. એ તો બસ 'વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલ!' એમ કરવા જ માંડે એટલે આસ્તેથી વિઠ્ઠલ હાજર થાય.

કેટલીએક વાર તો વિઠ્ઠલ બચુભાઈને ય થકવી દે. ગમે તેટલી વાર 'વિઠ્ઠલ, વિઠ્ઠલ!' કરે તો યે વિઠ્ઠલ દર્શન દે જ નહિ! પછી તો બચુભાઈ દયાજનક રીતે ગાય:—



"કિતી હાંક મારું દેવા! ગળા દાટલા."

[ હે દેવ! તને કેટલી વાર બોલાવું? મારું તો ગળું સુકાઈ ગયું!]

બચુભાઇની કરુણ સ્થિતિ જોઈને અમે બધાં હસી પડીએ. હસાહસનો મોટો અવાજ થાય એટલે કાંઇક ગમ્મત હશે એમ ધારી વિઠ્ઠલભાઈ ડોકિયું કરે.

એટલું તો ખરું કે બચુભાઈની ભક્તિને લીધે વિઠ્ઠલ અમારા ઉપર પ્રસન્ન તો હતો જ. કહે છે કે પંઢરપુરના વિઠ્ઠલે ભક્તનું દળણું દળ્યું હતું ને ખાંડણુ ખાંડ્યું હતું. અમારો વિઠ્ઠલ પણ પ્રસન્ન થાય ત્યારે તો અમારી ચટણી વાટી આપે, ટોપરું ખાંડી આપે ને સગડી પણ સળગાવી આપે.

વળી બાબીબેને એને બોલાવવાની જુદી જ યુક્તિ રાખેલ. વિઠ્ઠલની જરૂર પડે એટલે ગ્રામોફોન પાસે જઈને 'વહારે આવો વિઠ્ઠલ વનમાળી'ની પ્લેટ વગાડે, સાથે રાસડા લે ને બોલે: "હે દેવના દેવ, હે કૃષ્ણ પ્રભુ! તું ક્યાં સંતાઈ ગયો? આ દુખિયારી બ્હેનને કેમ ભૂલી ગયો....

હાં.... વહારે આવો વિઠ્ઠલ વનમાળી!"

---

કરુણ=દયા આવે તેવું          વહારે=મદદે

હસતાં હસતાં અમારા તો પેટમાં દુખવા આવે, પણ વિઠ્ઠલભાઈ તો હાજર થઈ જ જાય! એને ગ્રામોફોન સાંભળવાનું બહુ ગમતું.

વિઠ્ઠલ એક વાર પ્રસન્ન થયા પછી શું જોઈએ? બાબી તેને જાંબુડા પાસે લઈ જાય ને જાંબુડે કે આંબલીએ ચઢાવે. વિઠ્ઠલ જાંબુ ને કાતરા પાડી આપે.

સુશીલાબેનની એને બોલાવવાની રીત વળી જુદી જ. તે કાંઈ "ભાઈબાપા! ન કહે; એ તો રોફથી સાદ કરે : "વિઠ્ઠલ!"

અને વિઠ્ઠલને તેનો સાદ ઝટ સંભળાય. સુશીલાનો રોફ એવો.

સુશીલા કહેશે : 'વિઠ્ઠલ! આ ફૂલોનો હાર કરી દે, ને આની વેણી ગૂંથી આપ."

વિઠ્ઠલને એ કામ સૌથી વધારે ગમે ને એ ઝટ કરે.

અમારી બાજુમાં ઘરડા કાકા રહેતા. તેમને તો વિઠ્ઠલની વાણી બહુ ગમતી. વિઠ્ઠલ પેપસી [ કૂતરી ] ને બદલે 'ફેફસી' 'પાહિલે' ને બદલે 'ફાયલં' એમ બોલે, ને કાકાને રમૂજ પડે. કાકા ફરીફરીથી કહેશે : "વિઠ્ઠલ,



પાહિલંસ કા?" વિઠ્ઠલ ખંતથી ને ગંભીરતાથી જવાબ આપે : "હા, સાહેબ! ફાયલં, ફાયલં."

પણ વિઠ્ઠલને અને અમારી કામવાળી શેવંતીને બન્યું નહિ. જેમ રાવણે હમેશાં રામ સાથે વેર બાંધ્યું ને કંસે કૃષ્ણ સાથે બાંધ્યું, તેમ શેવંતી હમેશાં જ વિઠ્ઠલને વખોડે. તો કાંઇ વિઠ્ઠલ એને સતાવ્યા વગર રહે? બે જણાં લડે ને અમારી નાની મંડળીને બહુ ગમ્મત પડે. રોજ એકાદ તકરાર મારી આગળ આવે ને બચુ-બાબીને મજા થાય.

એવો અમારો વિઠ્ઠલ. બિચારો પંદર વરસની ઉંમરે અમારે ત્યાં નોકરીએ રહ્યો હતો. બિચારો પોતાની બાથી પહેલવહેલો જ દૂર રહેલો.

★

## જોખ તોલ ભાષા બોલ કલબ

અમારી કલબનું નામ "જોખ તોલ ભાષા બોલ કલબ."

એક રાત્રિએ અમે ક્યાંકથી ગાડીમાં બેસીને આવતાં હતાં. ત્યાં બબુ બોલી : "જો ને, આ ટીકુએ તો મારો પગ કચરી નાખ્યો !"

મેં પૂછ્યું : "હેં બબુ ! ટીકુએ કચર્યો કે ટીકુથી કચડાઈ ગયો ?"

બધાનું મારા બોલવા તરફ ધ્યાન ખેંચાયું.

બચુભાઈ કહે : "આપણે તો હમેશાં જ આવું બોલીએ છીએ. કોઈથી કાંઈ ઢોળાઈ જાય તો આપણે કહીએ છીએ : 'કેમ ઢોળ્યું ?' પણ એ કાંઈ જાણી જોઈને ઢોળતું હશે ? એ તો ભૂલથી ઢોળાઈ જાય."

સુશીલા કહે : "ચાલો, આપણે આજથી નક્કી કરીએ કે આપણે હમેશાં બરાબર તોળી તોળીને બોલવું."

કમળાબેન કહે : "ચાલો, આપણે એની



કલબ કાઢીએ."

તારાબેન કહે : "એ ઠીક, પણ આપણી કલબનું નામ શું પાડશું ? જોખી તોળીને ભાષા બોલનારી કલબ રાખશું ?"

બચુ કહે : "એ જરા લાંબું પડશે; ટૂંકું રાખીએ : 'જોખ તોલ ભાષા બોલ કલબ.'"

વાતો કરતાં કરતાં બધાં રસોડામાં ગયાં, કૉફી બનાવી ને કૉફી પીતાં પીતાં કલબની સ્થાપના કરી.

તે વખતે તો કૉફી પીવાનું સહેજે બની ગયું હતું. પણ પછીથી તો એ રિવાજ જ પડી ગયો છે કે કલબની બેઠક તો તારાબેનના રસોડામાં રાત્રે જ થાય; ને સાથે દૂધનો કાવો કે કૉફી હોય જ.

ને એ વખતે ભાષાચર્ચા વગેરે જાતનું કલબનું કામ ચાલે.

અત્યાર સુધીમાં કલબની ઘણી બેઠકો થઈ છે ને ઘણા ઠરાવો પણ કર્યા છે. એમાંના કેટલાએક ઠરાવો અહીં આપવામાં આવેલા છે.

એક વાર સુશીલા કહે : "બચુભાઈ ! કેટલી વાર લગાડી ! સત્તર સો ને સાઠ કલાક થયા !

અમારે કેટલી રાહ જોવી ? ”

મેં કહ્યું : “ સુશીલાબેન ! સત્તર સો ને સાઠ કલાક એટલે કેટલા દિવસ થતા હશે ? ચોવીશે ભાગી જુઓ જોઈએ ? ”

સુશીલાબેન હસવા લાગ્યાં. તે જ વખતે નક્કી થયું કે આ પ્રશ્ન માટે રાત્રે ખાસ બેઠક બોલાવવી.

તારાબેનનો પ્રાયમસ સળગ્યો ને દૂધની તપેલી ઉપર ચડી. કમળાબેન એલચી, તજ, સૂંઠ, વગેરે વાટવા લાગ્યાં. સભાના કામની શરૂઆત થઈ.

તારાબેન કહે : “ સુશીલા ! તારે દરેક વખતે સત્તર સો ને સાઠ ન કહેવું. જેટલું મોડું થયું હોય અથવા તો વખત લાગ્યો હોય, તેના પ્રમાણમાં જ આપણી ભાષા હોવી જોઈએ, એમ મને લાગે છે. ”

સુશીલા કહે : “ એ તો એમ કહેવામાં મને ગમ્મત પડે છે એટલે કહું છું. પણ મારે કાંઈક તો કહેવું જ જોઈએ ને ? ”

બાબી કહે : “ એમ કહેવું કે ઘણી વાર લાગી. ”

બચુ કહે : “ અથવા એમ કહેવું કે પાંચ મિનિટને બદલે પંદર મિનિટ થઈ ગઈ ! ”



સુશીલા કહે : “ પણ એ બધું મોળું મોળું લાગે છે. ‘ સત્તર સો ને સાઠ કલાક થયા ! ’ એ કેવું જોરદાર લાગે છે ? ”

તારાબેન કહે : “ પણ માંડ પાએક કલાક થયો હોય, ત્યાં કાંઈ એટલી બધી અતિશયોક્તિ ચાલે ? ”

કમળાબેન કહે : “ એ બહુ ન ગણાય. મારી મા તો કહે છે કે ‘ યુગના યુગ પલટાઈ ગયા ! ’ ને મારી માશી કહે છે કે ‘ ભવના ભવ થયા ! ’ તો યુગો કરતાં તો સત્તર સો ને સાઠ કલાક થોડા જ ને ? ”

બચુ કહે : “ એ હિસાબે તો સત્તર સો ને સાઠ કલાક એટલે લગભગ તોંતેર દિવસ એટલે લગભગ અઢી મહિના જ. ”

અમે સૌ હસી પડ્યાં.

ત્યાં તો તારાબેને કાવો કાઢી આપ્યો, પ્રાયમસનો ભોંકાર શાંત પડ્યો, અને ચર્ચા ગરમ પાણી સાથે આગળ ચાલી.

સુશીલા કહે : “ એમ તો બધાં એમ જ કહે. ઘણાં કહે છે કે પચાસ વાર કહ્યું તો ય

---

અતિશયોક્તિ=હોય તે કરતાં ઘણું વધારે કહેવું તે.

સાંભળતી નથી."

બાબી કહે : "પણ જો ત્રણ જ વાર કહ્યું હોય તો પચાસ વાર કેમ કહેવાય? સાચું તો બોલવું જોઈએ ને?"

બચુ કહે : "પણ એ તો ભાષામાં એમ ચાલે. પચાસ એટલે એક, બે, ત્રણ ચાર, એમ પચાસ, એમ કોઈ સમજતું નથી; એ તો સમજી લે કે પચાસ વાર એટલે ઘણી વાર. મારો તો મત એવો છે કે ભાષાના જોરની ખાતર આ બધું કબૂલ રાખવું જોઈએ."

કમળાબેન કહે : "મને પણ એમ જ લાગે છે. માજી કહે કે 'ચાલ ચાલ, કસુ! તું આવતાં તો યુગના યુગ પલટાઈ ગયા!' ત્યારે ભાષા કેવી ગૌરવવાળી લાગે? પણ જો એમ કહે કે 'ચાલ કસુ! તું આવતાં તો બે મિનિટ થઈ.' તો કેવું ફિક્કુંફચ જેવું લાગે?"

બચુ કહે : "એ તો ભાષાના અલંકાર કહેવાય."

બાબી કહે : "અલંકાર એટલે શું?"

સુશીલા કહે : "અલંકાર એટલે ઘરેણું; ખરું બચુ?"



તારાબેન કહે : "ભાષાના અલંકાર તરીકે તો ઠીક છે, પણ જોર વિષે કહેતા હો તો મને તો લાગે છે કે અતિશયોક્તિ વગર પણ જોર તો આવે. હમેશાં બાબીને જો હું એક જ વાર કહેતી હોઉં ને કોઈ વાર બે વખત કહ્યું હોય તો 'બે વાર' એ જ વાત બહુ મોટી થઈ પડે. ને જો હું કહું : 'બાબી! તને બે વાર કહ્યું.' તો સાચે જ એમાં કેટલુંય જોર આવે. એ તો આપણે ક્યાંયે બહુ ઝીણવટ રાખતાં જ નથી એટલે આપણું બધું આમ ચાલે છે. બે ગાઉ આ બાજુ હોય તો ય ઠીક, ને બે ગાઉ આ બાજુ હોય તો ય ઠીક!"

સુશીલા કહે : "જુઓ, હમણાં તમે જ બોલ્યાં કે બે ગાઉ!"

બધાં હસી પડ્યાં.

બચુ કહે : "ઠીક ત્યારે હવે કાંઈક નક્કી કરીએ."

તારાબેન કહે : "ઠીક ત્યારે, શોભા ખાતર આવાં વાક્યો કબૂલ; પણ તેમાં યે કાંઈ ડિગ્રી રાખવી કે નહિ?"

સુશીલા કહે : "તારાબેન! અંગ્રેજી નહિ બોલતાં. ડિગ્રી એટલે શું?"

તારાબેન કહે : "એટલે કાંઈ ઓછાવત્તાનું પ્રમાણ રાખશે કે નહિ? બે ગાઉનો ફેર છે, લાખ ગાડાંનો ફેર છે કે જમીનઆસમાનનો ફેર છે. એ બધું ફેર હોય તેના પ્રમાણમાં કહેવું જોઈએ ને ? બહુ જ હોય તો જમીનઆસમાન કહેવું; અને તેથી ઓછું હોય તો લાખ ગાડાં કહેવાં; એમ."

બચુ કહે : "એ ઠીક, ભાષાના અલંકાર તો હોવા જોઈએ. એનો ઉપયોગ ભલે કંજૂસાઈથી થાય."

તારાબેન કહે : "આ કાંઈ કંજૂસાઈ નથી, પણ જોખ તોલ છે. આનું નામ તો ભાષાનું તોલન."

કમળાબેન કહે : "હા; એ ઠીક લાગે છે."

સુશીલા કહે : "એટલે શું ? મારે સત્તર સો ને સાઠ કહેવું કે નહિ ? મને એમ કહેવું બહુ ગમે છે."

તારાબેન કહે : "કહેવું ખરું, પણ તેમાં જોવું. થોડું હોય તો કહેવું કે સત્તર વાર કહ્યું; તેથી વધારે હોય તો કહેવું પચાસ વાર, સો વાર હજાર વાર, પંદર સો વાર, પછી છેલ્લે સત્તર સો ને સાઠ. બધી વખતે જો તું સત્તર સો ને સાઠ કહે તો પછી એની કાંઈ કિંમત રહેતી નથી."



બાબી કહે : "આપણે તો દસ કલાક, વીશ કલાક, ત્રીશ કલાક, એમ બોલતા જશું."

સુશીલા કહે : "પણ હવે બરાબર સત્તર સો ને સાઠ કલાક કહેવા જેટલો વખત થયો છે. એ કેમ ખબર પડે ?"

તારાબેન કહે : "એ તો ધ્યાન રાખતાં જશું એટલે માત્ર વખત શું, પણ બીજું ત્રીજું બધું ધ્યાનમાં આવવા લાગશે."

કમળાબેન કહે : "સુશીલાબેન ! આ બેઠકનો ઠરાવ ને ચર્ચા આપણા 'પારિજાતક' માં આપશું, કેમ ?"

સુશીલાબેન 'પરિજાતક'નાં તંત્રી અને કમળાબેન ઉપતંત્રી, એટલે એમણે એમના માસિકનું સંભાર્યું.

તારાબેન કહે : "હા હા; તમારે લેવું હોય તો અમે દરેક બેઠકનો તમને રિપૉર્ટ ( અહેવાલ ) લખી મોકલીશું."

એટલી ચર્ચા થઈ ત્યાં તો કાવો પિવાઈ ગયો હતો. પ્યાલા પણ સાફ થઈ ગયા હતા.

સભા બરખાસ્ત થઈ ને ટૂંકો અહેવાલ

પારિજાતક માટે તૈયાર થઈ ગયો.

* * *

**જોખ તોલ ભાષા બોલ ક્લબ**
**પરિજાતક માસિકમાં આવેલો**

**અહેવાલ**

માણસો ઘણી જાતની ક્લબો કાઢે છે. કોઈ ભજિયાં ક્લબ કાઢવાની વાત કરે છે તો કોઈ ચા-ક્લબ કાઢે છે. મારા જેવા વળી ગપ્પા-ક્લબ કાઢે. શ્રી રામભાઈ જેવા રમત-ક્લબ કાઢે ત્યારે શ્રીમતી તારાબેન અને તેમનાં સહાયકો શ્રી બચુભાઈ અને સુશુકુમારીએ ' જોખ તોલ ભાષા બોલ ક્લબ ' કાઢી છે, તે જણાવતાં ખુશી થઈએ છીએ. આ જાતની આ પહેલી ક્લબ છે. આ પહેલવહેલા જ સાહસને અમે યશ ચિંતીએ છીએ.

ક્લબનાં માનનીય સભ્યોની યાદી નીચે પ્રમાણે છે:—

અધ્યક્ષ : **શ્રીમતી તારાબેન**

મંત્રી : **સુશુકુમારી**

સભ્યો : **નરેન્દ્રકુમાર, કમળાબેન, બાબીબેન**



**ક્લબનો ઉદ્દેશ**

ભાષા ઉપર થતો દરેક પ્રકારનો અત્યાચાર અટકાવવો.

આ ક્લબની છેલ્લી બેઠકમાં થયેલી ચર્ચાનો ટૂંકો સાર નીચે આપીએ છીએ.

પ્રશ્ન : ' સત્તર સો ને સાઠ કલાક થયા. ' એમ કહેવાય કે નહિ ?

ઘણી ગરમનરમ ઝીણીજાડી ચર્ચા થયા પછી નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યું :—

૧. આપણે મૂળ ઉદ્દેશ પ્રમાણે ભાષાનું તોલન તો સાચવવું જોઈએ.

૨. ભાષાના અલંકાર, જેને લીધે ભાષાને શોભા આવે છે તેમ જ જોર આવે છે, તે પણ સચવાવાં જોઈએ.

૩. તેથી એવા પ્રયોગો વાપરવા પણ તેમાં પણ પ્રસંગને યોગ્ય એવું પ્રમાણ રાખવું. જેમ કે સત્તર સો ને સાઠ કલાક કહેતાં પહેલાં સત્તર કલાક, પચાસ કલાક, સો કલાક, એક હજાર ને એક કલાક, પંદર સો ને પાંચ કલાક ને પછી

---

અત્યાચાર=જુલમ

સત્તર સો ને સાઠ કલાક, એવા પ્રયોગોમાંથી જેટલું મોડું થયું હોય તેના પ્રમાણમાં કોઈ પણ પ્રયોગ વાપરવો.

આ કલબની એક વિશેષતા અમને પણ ગમી છે. તે એ કે કૉફીપાન સાથે આ કલબ શરૂ થઈ છે, ને તેની સાથે જ હમેશાં બેઠકનું કામ ચાલે છે. કલબને ધન્યવાદ આપી દીર્ઘાયુ ચિંતી અમે વિરમીએ છીએ.

★

---

દીર્ઘાયુ=લાંબી જિંદગી વિરમવું=અટકવું